ધી સુરતી સુન્ની વહોરા મુસ્લિમ એજયુકેશન સોસાયટી, સુરતનું મુખપત્ર

# વહોરા સમાચાર

## વહદતુલ વજૂદ - કેવળ એક જ ખુદા !

યુરોપના વિચારકો કહે છે કે વિશ્વમાં ત્રણ બાબતો કલ્પી શકાય છે, ભૌતિક પદાર્થો, શકિત અને બુદ્ધિ (કૌવત). બુદ્ધિ / અક્કલ તમામ ચીજોમાં માણસના શરીરમાં જીવ છે એવી ઓતપ્રોત છે. અક્કલના પ્રભાવે જ. બ્રહ્માંડની સિલસિલાવાર એકધારી ચાલતી પ્રવૃત્તિની વ્યવસ્થા અને ક્રમબધ્ધતા જળવાય છે. સારાંશ કે આખું વિશ્વ એક એકાકી જાત છે જે બુધ્ધિ છે તે જ નિયાંતા છે. ઇન્સાનને જેમ સંખ્યાબંધ અંગો - ઉપાંગો, અવયવો હોવા છતાં ચાલક પ્રેરક બુદ્ધિ , અકકલ છે, તેમ બ્રહ્માંડના અનેકાનેક અંગો - ઉપાંગો, અવયવો - ટૂંકમાં વિભાગો હોવા છતાં તે સમગ્રે એક છે અને તેની ચાલક - પ્રેરક એક જ બુદ્ધિ - અક્કલ છે, જેને **ખુદા** કહે છે.

મુસ્લિમ વિદ્વાનો માને છે કે આ વિશ્વ અલ્લાહથી જુદું -અલગ-સ્વતંત્ર નથી, વાસ્તવમાં અલ્લાહ આ વિશ્વ રૂપે આપણી સમક્ષ પ્રગટ છે. કુર્આનની પંકિતઓ પણ આ તથ્યનું સમર્થન કરે છે- હુવલ અવ્વલો, હુવલ આખિરો, હુવઝ ઝાહિરો, હુવલ બાતિનો. આ વિશ્વ તો વિશ્વનિયંતાના વિવિધ સ્વરૂપોનું નામ છે. માત્ર એનું જ અસ્તિત્વ છે. ઇકબાલ પણ વહદતુલ વજૂદનો સ્વીકાર કરે છે, પરંતુ પોતાની આગવી શૈલીમાં આ રહસ્યને ગુપ્ત રાખવા ઇચ્છે છે, પરંતુ તેઓ વાસ્તવિકતા પ્રગટ કર્યા વિના રહી શકતા નથી.

રમઝાન-૧૪૪૭ માર્ચ - ૨૦૨૬ તંત્રી: મસ્ત મંગેરા

www.ssvmes.org www.vohratimes.org
vohrasociety@gmail.com
vohrasamachar@gmail.com vohrasamachar@yahoo.com

## નમ્ર અપીલ

કૌમની માયએનાઝ એકમાત્ર આપણી શૈક્ષણિક સંસ્થા ધી સુરતી સુન્ની વહોરા મુસ્લિમ એજયુકેશન સોસાયટી, સુરત છેલ્લાં ૭૮ વર્ષથી કૌમની વિવિધ ક્ષેત્રે સતત સેવા કરી રહી છે.

**એની મદદ લઇ હજારો લોકો દેશ - વિદેશમાં સેટલ થયા છે**

**સેંકડો વિધવાઓનો એ સહારો છે,સેંકડો બિમારોની શિફાનો ઝરીયો છે.**

કૌમના દુરંદેશ સખી વજુદોએ સ્થાપેલી આપણી સોસાયટી દિવસે દિવસે વધુ ને વધુ મદદ કરી રહી છે. અલ્હમદોલીલ્લાહ આ વર્ષે રૂા.૩,૦૩,૬૩,૩૫૧/- ની મદદ વિવિધ ક્ષેત્રે કરી છે. છેલ્લા બે વર્ષમાં સોસાયટીએ નીચે પ્રમાણેની વિગતે રૂા.૬,૩૭,૩૫,૭૩૧/- ની મદદ કરી છે.

| વિભાગ | વર્ષ : ૨૦૨૪- ૨૦૨૫ | | વર્ષ : ૨૦૨૫- ૨૦૨૬ (૨૪-૦૨-૨૦૨૬ સુધી) | |
|---|---|---|---|---|
| | લાભાર્થીઓની સંખ્યા | રકમ | લાભાર્થીઓની સંખ્યા | રકમ |
| પ્રાથમિક સ્કોલરશીપ ધો.૧ થી ૮ | ૧૧૨૬ | ૩૦,૭૮,૮૫૦ | ૧૦૬૩ | ૩૨,૩૪,૪૦૦ |
| સ્કુલ સ્કોલરશીપ ધો.૯ થી ૧૦ | ૩૨૭ | ૧૬,૫૦,૦૫૦ | ૩૨૩ | ૧૫,૯૮,૮૦૦ |
| હા.સેકન્ડરી | ૨૪૨ | ૨૬,૩૪,૭૫૦ | ૨૫૭ | ૨૫,૨૯,૦૦૦ |
| કોલેજ સ્કોલરશીપ | ૫૭૪ | ૧,૬૫,૬૫,૧૫૦ | ૫૦૧ | ૧,૩૨,૦૦,૫૦૦ |
| સ્કોલરશીપ દિનીયાત વિભાગ | ૧૩ | ૨૫,૦૦૦ | ૧૮ | ૩૩,૦૦૦ |
| ડ્રાઇવીંગ - ટેલરીંગ -ટેકનિકલ | ૦૯ | ૮૪,૦૦૦ | ૦૧ | ૬,૦૦૦ |
| તબિબિ સહાય | ૨૧ | ૨,૩૦,૫૮૦ | ૧૨ | ૨,૧૭,૬૫૧ |
| બેવાફંડ સહાય | ૧૧૩૮ | ૯૧,૦૪,૦૦૦ | ૧૧૯૩ | ૯૫,૪૪,૦૦૦ |
| ટોટલ | ૩૪૫૦ | ૩,૩૩,૭૨,૩૮૦ | ૩૩૬૮ | ૩,૦૩,૬૩,૩૫૧ |

આપ જાણોજ છો કે વરસો વરસ શિક્ષણ વધુ ને વધુ મોંઘુ અને ખુબ જ ખર્ચાળ થઇ રહયું છે આપણા વિદ્યાર્થીઓ પણ ઉચ્ચ શિક્ષણ ડૉક્ટર, એન્જીનીયર, ફાર્મસી, નર્સીંગ વિગેરે તરફ વધુ પ્રમાણમાં જઇ રહયા છે. ત્યારે આપણા સખી સદ્‌ગૃહસ્થોની એ ફરજ થઇ પડે છે કે

**(૧) આપણો વિદ્યાર્થી નાણાંના અભાવે શિક્ષણથી વંચિત ન રહી જાય (૨) આપણો બિમાર નાણાંના અભાવે સારવારથી વંચિત ન રહી જાય (૩) આપણી બેવાઓ મદદથી વંચિત ન રહી જાય.**

જેથી આપ સાહેબ આવી રહેલા રમઝાન મુબારક માસમાં આપણી વહોરા એજયુકેશન સોસાયટીને લીલ્લાહ, ઝકાત, સદકા વિગેરેની આપની તથા આપના સગા વહાલા, દોસ્ત-બિરાદરો પાસેથી વધુને વધુ મદદ આપી અપાવી આભારી કરશો તથા આપણી સોસાયટી સંચાલિત કોસંબા ખાતેની એ.વાય. દાદાભાઇ ટેકનીકલ ઇન્સ્ટીટયુટ, કોંઢ ખાતેની એસ.એમ.બદાત રેસી.સ્કુલ તથા અલ-ફલાહ ગર્લ્સ હોસ્ટેલ, ખોલવડને પણ જરૂરથી યાદ કરી શકય હોય એટલી વધુ ને વધુ મદદ આપી-અપાવી સવાબે દારૈન હાસીલ કરો.

અલ્લાહ તઆલા આપને હલાલ અને બરકતવાળી રોઝી આપે તથા બન્ને જહાંનમાં એનો બહેતરીન બદલો આપે. આમીન.

**દેશ (ઇન્ડિયા) માંથી દાન આપવા માટે નીચે મુજબના સોસાયટીના બેંક ખાતામાં મદદ મોકલી શકો છો.**

**THE SURATEE SUNNI VOHRA MUSLIM EDUCATION SOCIETY**

NAME OF BANK : UNION BANK OF INDIA
ACCOUNT NO. : 311301010030025
IFS CODE : UBIN0531138
ADDRESS : STATION ROAD BRANCH, SURAT

## વહોરા સમાચાર

■ **હદીષ**

આપ (સ.અ.વ.) ને ફરમાયા :-
અલ્લાહ કે યહાં તમામ લોગો મેં સબસે ઝિયાદા પ્યારા વો શખ્સ હે જો લોગોં કો ઝિયાદા નફા પહુંચાયે. (તબરાની :

■ **સુવિચાર**

- પોતાના દમ પર સંઘર્ષ કરતા શીખો, કારણ કે ટેકો ગમે તેટલો વિશ્વસનીય હોય, એક દિવસ તે તમને છોડી દેશે.
- ચર્ચા અને ટીકા આ બે વસ્તુ સફળ વ્યકિતના નસીબમાં જ હોઇ છે.

**અંક : 03**

**માસ : માર્ચ - ૨૦૨૬**

**માહે : રમઝાન - ૧૪૪૭**

**તંત્રી : મસ્ત મંગેરા**

## ■ સાચુ ને

ખેતર અને જમીન બાપ દાદા જ ખરીદી શકે છે બાકી આજની યુવા પેઢીના વિચાર તો .. I Phone અને THAR માં જ અટકી ગયા છે.

સાચુ ને ... ?

## ■ તંત્રી સ્થાનેથી...!

થોડાક દિવસ ઉપર વહેલી સવારે હું સ્ટેશને જવા નીકળ્યો . ઘોડાગાડીઓ જયાં ઉભી રહે છે ત્યાં પહોંચ્યો. એક સજ્જન ગાડીવાળા સાથે ભાડા અંગે દલીલબાજી કરી રહયા હતા. તમો ગાડીવાળાઓની આંખમાં જરા શરમ નથી. ટાવરથી સ્ટેશન સુધી બાર આના કે રૂપીઆમાં લઇ જાઓ છો અને અત્યારે રૂા.૩-૦૦ માંગો છો ? ગાડીવાળાએ મક્કમતાથી જવાબ આપ્યો:વાત સાચી છે. અમારી આંખમાં શરમ નથી. તમારા ઘરનું ભાડું ગઇ કાલ સુધી ભાગ્યે જ ૧૨ થી ૧૫ રૂપીઆ આવતું, આજે તમે તે જ મકાનનું ભાડું ૭૫-૦૦ રૂપીઆ લો છો તમે કદી વિચાર કરો છો કે તમારું આ કૃત્ય વાજબી છે ? પેલા સજજન કાંઇ પણ બોલ્યા વગર રિક્ષાવાલા પાસે ગયા અને વગર દલીલે તેમાં બેસી સ્ટેશને ગયા. ભાડું શું આપ્યું તે જાણવા મળ્યું નથી. ગાડીવાળા - અભણ ગાડીવાળાની દલીલ સાંભળીને હું પણ મનમાં વિચાર કરતો થઇ ગયો કે આપણે ઘણી વાર લેવાનું હોય ત્યારે પેટ ભરીને લઇએ પણ આપવાનું આવે ત્યારે સામેવાળાનો વાંક કાઢીએ છીએ. આપણે વધારે લઇએ તે યોગ્ય, બીજા તે જ પ્રમાણે વધારે માગે તે પાપ અને ગુનો. મારા એક મિત્ર કોઇ કવિની એક પંકિત સંભળાવતા:

**મને લૂંટયો જીવનમાં બે જણે,**
**જરા ચોરે, વધારે શાહુકારે!**

આજની દુન્યા, આજના સમાજમાં બધે જ ચોરો કરતાં શાહુકારો વધુ લૂંટતા હોય એમ જ લાગે છે, કારણ કે ચોરને પકડાઇ જવાનો ભય છે જયારે શાહુકારને પકડાવાનો જરા પણ ભય નથી. અગર હોય તો ઘણો ઓછો.

**- મસ્ત મંગેરા (કાંગવઇ)**

E-mail : mastamangerakangwai@yahoo.com
Mob : 9426771991

તંત્રી,મુદ્રક અને પ્રકાશક :- અહમદ ઈબ્રાહીમ મંગેરા ('મસ્ત' મંગેરા) મુદ્રણ સ્થાન:- નટરાજ પ્રિન્ટર્સ,ઈન્દરપુરા આંબાવાડી,સુરત
પ્રકાશન:- વહોરા સમાચાર,કાર્યાલય સ્થળ :- સુફીબાગ,રેલ્વે સ્ટેશન સામે,સુરત- ૩૯૫ ૦૦૩ માલિક :-ધી સુ.સુ.વ.મુ.એ.સોસાયટી-સુરત.

## નેકી, તારાં નવલખ રૂપ
- મુસાજી દીપક બારડોલીકર

### સામિરી કોણ હતો ?

કુરઆન-મજીદની સૂરહ તાહામાં હઝરત મૂસા. (અલૈ.) વિશેના કિસ્સામાં સામિરીનો ઉલ્લેખ આવે છે. આયતો ૮૫ થી ૮૭ સુધીના વર્ણનમાં કહયું છે કે:

તેણે (અલ્લાહે) કહયું : તમારી (હ. મૂસાની) ગેરહાજરીમાં અમે તમારા લોકોની કસોટી કરી છે અને અસ - સામિરીએ તેમને ગુમરાહ કર્યા છે. (૮૫). મૂસા ગુસ્સામાં અને ગમમાં તેમની કોમ પાસે ગયા અને કહયું : ઓ મારા લોકો! શું તમારા પરવરદેગારે તમારાથી સારો વાયદો નહોતો કર્યો? શું (મારી) જુદાઇની મુદત તમને અતિ પ્રલંબ લાગી યા (શું) તમે ઇચ્છયું કે તમારા પરવરદેગારનો પ્રકોપ તમારા પર ઉતરે! અને (એટલા માટે) તમે મારી સાથેનો વાયદો તોડી નાખ્યો ! (૮૬). તેઓ કહેવા લાગ્યા, અમે અમારી મરજીથી તમારી સાથેના વચનનો ભંગ કર્યો નથી, પરંતુ અમારા પર લોકોનાં ઘરેણાંનો બોજ લદાયેલો હતો. અમે તેમને (આગમાં) નાખી દીધાં, કેમકે સામિરીએ એમ કરવા સૂચયું હતું. (૮૭). પછી તેણે (સામિરીએ) તેમના માટે કેસરી રંગનો એક વાછરડો બનાવ્યો, જે ભાંભરતો હતો. તો તેઓ બોલી ઉઠયા : આ છે તમારો ખુદા અને મૂસાનો ખુદા; પણ તે ભૂલી ગયા છે. (૮૮). તાહા - ૨૦

અહીં સવાલ આ છે કે આ સમિરી કોણ હતો? સંશોધનો દ્વારા જાણવા મળે છે કે સામિરી એ કોઇ એક વ્યકિતનું નામ નથી, બલકે એ એક ઓળખ છે. પ્રાચીન વિદ્વાનોના મતે એ ઓળખને સંબંધ સમરા નામક સ્થળ સાથે યા સમરાના રહેવાસીઓ સાથે હોઇ શકે છે. બની શકે છે કે એ શખ્સના પૂર્વજો સમરાના રહેવાસી હોય! અને બની ઇસરાઇલમાં તે સામિરી તરીકે ઓળખાવા લાગ્યો હોય!

કેટલાક અધતન વિદ્વાનો માને છે કે સમાર શબ્દનો અર્થ મિસરી ભાષામાં વિદેશી યા બહારનો માણસ થાય છે. અને સામિરી, બની ઇસરાઇલ સાથે જોડાયેલો એક બિનઇસરાઇલી હતો.

અહીં આ હકીકત પણ નોંધપાત્ર છે કે યહૂદીઓમાં સામરિયા નામે ઓળખાતો એક ફિરકો છે. તેમની તવરાત, યહૂદીઓની આધારભૂત તવરાતથી નોખી છે. અને તેઓ તેમની માન્યતા પર ગર્વ લે છે. તૌહીદમાં તેઓ માને છે.

યહૂદી ઇતિહાસ પ્રમાણે સામરિયા ફિરકો હ. મૂસા (અલૈ.) ના સમય પછી અસ્તિત્વમાં આવ્યો હતો.

અને પવિત્ર કુરઆન - મજીદ અનુસાર અસ-સામિરી એક જાદૂગર હતો, જેણે બની ઇસરાઇલ માટે વાછરડો જેવી એક પ્રતિમા બનાવી હતી અને તેની આ ઝલીલ હરકત બદલ તેને અછૂત - અસ્પૃશ્ય બનાવી દેવામાં આવ્યો હતો. લોકો તેને પોતાની નજીક આવવા દેતા ન હતા.

(પુસ્તક: હૂ ઇઝ હૂ ઇન ધ હોલી કુરઆન)

### બયતુલ બહમ

ઇસાઇ આલિમો અનુસાર હ. ઇસા (અલૈ.) નો જન્મ બયતુલ-બહમમાં થયો હતો. એ બયતુલ મુકદસથી દસ કિલોમીટરના અંતરે એક પહાડી કસબો છે. અહીં એક ચર્ચના ભોંયરામાં એક ગુફા છે, જે હ. ઇસા (અલૈ.)નું જન્મસ્થળ લેખાય છે. કેથોલિક અને પશ્ચિમી ચર્ચવાળા ઇસાઇઓ હ.ઇસા (અલૈ.) નો જન્મદિન ૨૫ ડિસેમ્બરે, જયારે આર્મીનીઅન ચર્ચવાળા ૧૬ મી જાન્યુઆરીએ અને ગ્રીક ઓર્થોડોકસ ૭ મી જાન્યુઆરીએ મનાવે છે. (ક્રમશ)

## શિક્ષણ મંથન : ચિંતા જનક ગુનાખોરી સામે મૂલ્યોનું જતન અને સંસ્કારોનું સિંચન

- યુસુફખાન પી. પઠાણ (ગુંજાવાળા)
પૂર્વ માનદ્ તંત્રી - હિલાલ પાક્ષિક

આજે સમગ્ર વિશ્વમાં શિક્ષણની બોલબાલા છે, શિક્ષણનો વ્યાપ એના પ્રચાર, પ્રસાર અને અનિવાર્ય જરૂરિયાતને કારણે ખૂબ જ વધ્યો છે. જેની હકારાત્મક અસર મોડી તો મોડી થતી દેખાઇ રહી છે. આઝાદીના આ દીર્ઘકાલીન અડધી સદી કરતાં પણ વધારે સમય પસાર થયા પછી નિદ્રામાં પોઢેલો મુસ્લિમ સમાજ સફાળો જાગ્યો છે. હવે આપણને એમ લાગે છે કે શિક્ષણ (દીની દુન્યાવી શિક્ષણ) ના સમન્વય વિના ઉધ્ધાર જ નથી. ખૈર **દેર આય દ દુરસ્ત આય** મોડા મોડા પણ આપણે જાગ્યા છીએ તે સારી જ નહીં ખૂબ જ સારી બાબત છે.

આમ તો શિક્ષણ, શિક્ષક અને વિદ્યાર્થી પરસ્પર એક બીજા સાથે ગાઢ રીતે જોડાયેલા છે. જયાં શિક્ષણ હોય ત્યાં શિક્ષક હોય અને આ બન્ને જયાં હોય ત્યાં વિદ્યાર્થી તો હોય જ ! આદી અનાદી કાળથી આ ત્રિપૂરી વચ્ચે અદ્ભૂત સમન્વય ચાલ્યો આવે છે; જેને આપણે જોઇએ છીએ, અનુભવીએ છીએ અને કયારેક આનંદમાં ગરકાવ થઇ જઇએ છીએ તો કયારેક નિરાશા અને ઉદાસિનતામાં અટવાઇ જઇએ છીએ. વેદ કાલિન, ત્યારબાદ મધ્યકાલિન અને નબીએ પાક સલ્લલાહુ અલયહિ વસલ્લમના સુવર્ણયુગ દરમ્યાન અપાયેલા સંસ્કારલક્ષી અને આધ્યાત્મિક શિક્ષણ એ વિદ્યાર્થીને-તે સમયના યુવાનોને અને માનવીઓને માટીમાંથી કંચન સ્વરૂપ બનાવી દીધા હતા. આશ્રમોમાં ગુરૂજનોના સાનિધ્યમાં રહીને અને મસ્જિદ-એ-નબવીમાં આવેલ અસહાબે સુફ્ફા એ પવિત્ર ઓટલા ઉપર બેસીને મેળવેલા જ્ઞાન એ વિદ્યાર્થીઓને અને આપ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમના સહાબાએ કિરામ(રદિ.) ને તમામ વિદ્યાઓમાં પારંગત બનાવી દીધા હતા. તેઓ કેવળ પોતાનું જ નહીં સમગ્ર સમાજનું કલ્યાણ થાય તેવા માર્ગ શોધતા, સન્માર્ગે ચાલતા અને સન્માર્ગ તરફ લોકોને દોરતા હતા, ચલાવતા હતા. એમની ચિંતા સ્વકેન્દ્રી નહીં પરંતુ સર્વજનકલ્યાણ માટેની રહેતી. એમની પ્રવૃત્તિઓ ઉદરલક્ષી નહીં, પરંતુ પરોપકારની ભાવના સભર ઉદારતાવાદી અને સર્વજનકલ્યાણની રહેતી. તેઓ નિર્દોષ અને ભોળા જરૂર હતા પરંતુ તેમની ભાવના વિશ્વકલ્યાણની રહેતી. તેમનું લક્ષ સદા ઉંચું રહેતું. તેઓ કેળવ દુન્યવી જીવનની (આલોક) સફળતાને જ નહીં પરંતુ મૃત્યુ પછીના જીવન પરલોકની સફળતાને પણ નજર સમક્ષ રાખી જીવન જીવતા, કેમકે તેમના શિક્ષણમાં ભાવાત્મક એકતાનો સંચાર હતો, ભાતૃત્વનો રણકાર હતો, પરોપકારની ભાવનાના અમૃતમય ઝરણાનું અવિરત વહન થતું હતું. તેમનામાં પોતાના અને પારકાના નો ભેદ ન હતો. અન્યોને માટે, સત્યને માટે, ઇમાનદારી અને ન્યાય માટે મરી ફીટવાની ઉદાત્ત બલિદાનવૃત્તિ રૂપી અદ્ભૂત શકિત હતી.

પરંતુ સમય પસાર થતો ગયો, શાસનો અને શાસકો બદલાતા રહયા અને ધીમે ધીમે શિક્ષણ, શિક્ષક અને વિદ્યાર્થી વચ્ચેનો એ સુમેળ તૂટવા માંડયો. આધુનિક પુસ્તકિયા શિક્ષણ એ પોતાની અસલ ઓળખ અને પોત ખોઇ નાખ્યા. શિક્ષણ, શિક્ષક અને વિદ્યાર્થી વચ્ચેનો સમન્વય તૂટયો પરિણામ એ આવ્યું કે શિક્ષણમાંથી હવે, પ્રવર્તમાન સમયમાં તેનામાં રહેલી ઉદારતા જગવવાની, અને પર દુ:ખ ભંજનની ભાવનાઓ જગવતી શકિતઓ ક્ષીણ થઇ ગઇ છે. હવે શિક્ષણ સ્વકેન્દ્રી બન્યું છે, સ્વાર્થપ્રેરિત અને કેવળ આજીવિકા કમાવવાનું સાધનમાત્ર બનીને રહી ગયું છે. સ્વાર્થના કુંડાળાઓ રચીને ભણતો આજનો વિદ્યાર્થી ભાતૃભાવ, ઉદારતાની ભાવના, બલિદાનની ભાવના, સહાદયાથી સાથેની સહોદરતા વગેરે જેવા મૂલ્યવાન ગુણોથી વંચિત થઇ ગયો છે. તે

પાંગળો હતાશ અને સ્વાર્થી બન્યો છે પરિણામે તેને તેનું ભાવિ ધુંધળુ દેખાવા લાગ્યું છે.

સમાજને આજે ગુણવત્તાસભર જીવનમૂલ્યોનું મૂલ્ય સમજે એવા શિક્ષણની જરૂર છે, શાળામાં ભણતા બાળકોનો સર્વાંગી વિકાસ થાય તેવા ઉચ્ચ હેતુસભર શિક્ષણની જરૂર છે, શાળામાં ભણતા કુમળીવયના બાળકોનું જીવન ઘડતર થાય અને તેઓ દેશ તથા સમાજ માટે માર્ગદર્શક બની રહે તેવા શિક્ષણની જરૂર છે. કેવળ ઉદરલક્ષી સ્વાર્થી યુવાનો, કારકુનો, ન્યાય-અન્યાય જોયા વિના નિર્ણયો લેતા અધિકારીઓ કે સેવાને નામે મેવાખાતા નેતાઓ પેદા કરતું શિક્ષણ નિરર્થક અને નિરૂપયોગી છે. ત્યારે એક શાયરનો એક શેર યાદ આવી જાય છે.

**દિલકે આઇને કો યુંહી ફોડદો, ના કામ હસરતોં કો યુંહી છોડ દો.**

**કામ જો ના આ સકે ઇન્સાન કે, કશ્તિયાં સારી કી સારી તોડદો.**

- તો શું આપણે આપણા બાળકના ભાવિનું ઘડતર જયાં થાય છે તે શાળાઓ રૂપી નાવ, શિક્ષક રૂપી તેના સૂકાની અને પુસ્તકો આ બધાને તરછોડી દેવાના છે. ના, ના, નાતો આપણે શિક્ષણનું સાચુ પ્રતિબિંબ પાડતા એ અરિસા તોડી નાંખવા છે, ના તો માતા-પિતા અને બાળકોની ધ્યેય પ્રાપ્તીની મનેચ્છાઓ ત્યજી દેવાની છે કે ના તો કેવળ પુસ્તકિયું જ્ઞાન આપતા, સ્વચ્છંદી અને બેદરકાર યુવાનો પેદા કરતી શિક્ષણ સંસ્થાઓને નુકશાન પહોંચાડવું છે. આપણે તો શાળા રૂપી નાવમાં શિક્ષક રૂપી સુકાનીના સાનિધ્યમાં પોતાના ઉજ્જવળ ભાવી ઘડવા આવાગમન કરતા આપણા યુવાન વિદ્યાર્થીઓમાં સંસ્કારલક્ષી અને ઉચ્ચગુણવત્તા સભર શિક્ષણ કઇ રીતે આપી શકાય તેની ચિંતા કરવી છે, મંથન કરવું છે અને કંઇક સારૂ પરિણામ આવે એવા સકારાત્મક કરવું છે અને કંઇક સારૂ પરિણામ આવે એવા સકારાત્મક પ્રયત્નો કરવાના છે. એમાં કોઇ શંકા નથી કે આજનો વિદ્યાર્થી ભયુ ભાર અને ભ્રાયકતા વચ્ચે જીવી રહયો છે ત્યારે તે ભયમુકત બની સાત્વિક અને જીવનમૂલ્યો સભર શિક્ષણ કઇ રીતે મેળવે તે તરફ ધ્યાન કેન્દ્રીત કરવાનું છે. શિક્ષણ એ માત્ર અક્ષરજ્ઞાન મેળવવાનું કે વાંચતા લખતાં શીખી જવાનું કે સારી ભાષામાં વાત-ચિત કરતા થઇ જવાનું નામ નથી. શિક્ષણ દ્વારા આપણે અબૂઝ બાળકમાં જ્ઞાનની સાથે નથી. શિક્ષણ દ્વારા આપણે અબૂઝ બાળકમાં જ્ઞાનની સાથે સાથે સમાજ અને સંનિષ્ઠ નાગરિકો જેવું ઇચ્છે છે તેવા જીવનમૂલ્યોનું સિંચન કરીને તેમને સારા નાગરિક બનવાની પ્રેરણા આપે તેવું સંસ્કારલક્ષી શિક્ષણ આપવાનું છે. જેમ શિલ્પી ટાંકણાવડે પથ્થરમાંથી સુંદરમજાની કલાત્મક પ્રતિમાઓનું નિર્માણ કરે છે તેમ આજે એવા શિક્ષકો, આચાર્યો અને સંચાલકોની જરૂર છે જે ગ્રીનબોર્ડ, વ્હાઇટ બોર્ડ કે ડીજીટલ બોર્ડ અને ચોક કે પેન ના માધ્યમથી માસુમ બાળકોમાં એક નવિન પરાવલંબી ભાવના, સહાધ્યાયીઓ શિક્ષકો અને સંસ્થા પ્રત્યે પ્રેમ, સહાનુભૂતિ, આદરભાવ અને વફાદારીનું નિર્માણ કરી શકે તેવી ચેતના જગવવાનું છે. ત્યારે પ્રશ્ન એ થાય કે આજે સમાજ શાળાઓ પાસેથી સંસ્કારલક્ષી, ઉચ્ચ ગુણવત્તા સભર જીવન મૂલ્યોનું જતન, પ્રસાર અને પ્રચાર કરે એવું શિક્ષણ આપવાની અપેક્ષા કેમ રાખે છે ? આ અપેક્ષા, આ પ્રશ્ન આ મુંઝવણ ખરેખર યથા યોગ્ય છે જ; કેમ કે આજે સમાજમાં જયાં પણ નજર નાખીએ છીએ ત્યાં જીવન મૂલ્યોનું હનન થતું જોવા મળે છે. કેવળ અભ્યાસક્રમ પૂર્ણ કરવા પાછળ દોટ મૂકતા શિક્ષકો, પ્રાધ્યાપકો અને પોતાનું બાળક સારું કમાય એવું શિક્ષણ આપવાની મથામણમાં અટવાયેલા વાલીઓ જીવન મૂલ્યોનું જતન થાય એવા **મૂલ્યસભર** શિક્ષણ પ્રત્યે આંખ આડા કાન કરતા જોવા મળે છે એટલે જ તો મૂલ્યોનું સિંચન અને આચરણ થવાને બદલે સર્વત્ર મૂલ્યોનું હનન થતું જોવા મળે છે. (ક્રમશ)

# ધ્રુવ તારો

- હનીફ નાડત - કોંઢ

સાઉથ આફ્રિકાના કેપટાઉન શહેરના સનસેટ પોઇન્ટ ઉપરની એક ભવ્ય હોટલના વિશાળ ગાર્ડનમાં ઇઝીચેર ઉપર રવજી કાકા પગ લંબાવીને આથમતા સુર્યના દર્શન કરી રહયા હતા. સામે વિશાળ મહાસાગર ઘુઘવાઇ રહયો હતો. સાગરની ક્ષીતિજે સુર્ય આથમુ આથમુ થઇ રહયા હતો. રવજી કાકા કેપટાઉન એમની એકની એક વ્હાલ સોઇ દિકરી હેમલતા ના ઘેર ત્રણ મહિના ફરવા આવ્યા હતા. એમની દિકરી હેમલતા અને જમાઇ બાબુ સમીર અને દોહિત્રી અંજલી જોડે ભવ્ય હોટલમાં ઉતર્યા હતા. જમાઇ બાબુની અહીં કેપટાઉનમાં ત્રણ ભવ્ય સુપર માર્કેટ હતી અને કેપટાઉનમાંજ વિશાળ રાજ મહેલ જેવો ખુબ સુંદર બંગલો પોતાનો હતો. મતલબ રવજી કાકાની એકની એક દિકરી હેમલતા એના પરિવાર જોડે આનંદમાં વિદેશમાં રહેતી હતી, અને અચાનક હેમલતા એક લાખ વિનવણી પોતાના પિતાને કરી ત્યારે રવજી કાકા ના છુટકે ત્રણ મહિના ગામડેથી નીકળી પોતાની દિકરીના ઘેર પધાર્યા હતા. રવજી કાકાને આજે અહીં એક મહિનો પુરો થયો હતો અને વિકએન્ડ હોવાથી પોતાના પિતાને લઇને અહીં ભવ્ય હોટલમાં આવી હતી.

પપ્પા... જુવા સુરજદાદા મહાસાગરમાં ડુબકી લગાવવા તૈયાર થયા છે... આરામ ખુરશીમાં પગ લંબાવી ડુબતા સુર્યને નિહાળી રહેલા પિતાને હેમલતાએ પાછળથી કહયું, હા.. દિકરી... ડુબતો સુર્ય તો હું રોજ ગામડે આપણાં ખેતરે જોતો રહયો છું. પણ સાગર કિનારે ડુબતા સુર્યને પ્રથમવાર જોઉં છું... લો પપ્પા... આ કોફી પીતા-પીતા સુર્ય નિહાળો... હેમલતા બોલી... તો વળી નાની પરી એવી અંજલી નાનાની પાસે આવી ને બેઠી. જમાઇ સમીર પોતાના રૂમમાં હતા.

હેમલતા રવજી કાકાની એકની એક દિકરી હતી. રવજી કાકા ગરીબ ખેડુત હતા, પણ હેમલતાને ભણાવી - ગણાવીને પાસેના ગામડે આ સમીર જોડે પાંચેક વરસો પહેલા ધામધુમથી પરણાવી હતી. જમાઇબાબુ અહીં કેપટાઉનમાં સેટલ થયા હતા. પરણ્યાના ત્રીજા જ મહિને હેમલતા પણ કેપટાઉન આવી ગઇ હતી... અને બીજા જ વર્ષે રવજી કાકાના પત્નિ રતનકાકી અનંતની યાત્રાએ ઉપડી ગયા હતા... અચાનક આવી પડેલો આવો કારમો આઘાત પત્નિના ગુજરી જવાથી રવજી કાકા જીરવી શકયા ન હતા, પણ સમય દરેક દર્દની દવા છે. એમ સુના-સુના ઘરમાં રતન વિના જીવતા શીખી ગયેલા. દિકરી હેમલતા તો હજારો કિલોમીટર દુર વિદેશમાં વસતી હતી... રતનના જવાથી રવજી કાકાના જીવનમાં શુન્યવકાશ છવાયો હતો ને ઘણી આના કાની પછી દિકરી હેમલતાના ઘેર કેપટાઉન ત્રણ મહિના આવવા તૈયાર થયા હતા.

અડધો પોણો કલાકમાં સુર્ય સંપૂર્ણ મહાસાગરમાં જાણે ગરક થઇ ગયો અને ધીમે ધીમે અવની ઉપર અંધકાર છવાવા માંડયો. મહાનગરી કેપટાઉન રંગ-બેરંગી લીયોન લાઇટના અજવાળે ઝગમગ ઝગમગ થવા લાગી... વિશાળ મહાસાગળ ઉપર કાળી પીછોડી કોઇએ નાખી હોય એમ લાગવા માડયું. દુર આકાશમાં તારલાઓ ઝળહળી રહયા હતા... ચાલો પપ્પા નીચે રેસ્ટોરન્ટમાં જમવા જઇએ... હેમલતા બોલી અને ચારેવ જણ લીફટવાટે નીચે રેસ્ટોરન્ટમાં પહોંચ્યા જમી પરવારીને સહુ હોટલના પાચમાં માળે પોતાના રૂમમાં આવ્યા.હોટલના વિશાળ રૂમમાં એક બાલ્કની સાગર તરફ હતી ત્યાં ઉભા ઉભા રવજી કાકા વિચારો ના વમળમાં ગડકોલા ખાઇ રહયા હતા. ક્યારે પત્ની રતન સાથે ખેતરે ગયા હોય અને આસમાનમાં કોઇ વિમાન જતુ દેખાઇ ત્યારે રતનને કહેતા ... રતન... જીવનમાં તને એક વખત વિમાનમાં જરૂર બેસાડીસ... જોયે તો વડોદરથી મુંબઇ જશુ અને ત્યાંથી ઘેર પરત ટ્રેનમાં આવતા રહીશું... આસમાનને આબતા વિમાનને જોઇ રહેલી રતન પોતાના પતીની વાતે હરખાઇ જતી... પણ વાહ રે નસીબ...! જીવનમાં ક્યારેય એવો મોકો મળ્યો જ નહીં ને રવજી કાકાની મનની મનમાં

જ રહી... બાલ્કનીમાં ઉભા ઉભા રવજી કાકા જુની યાદોને વાગોળી રહ્યા હતા. ધર્મપત્નિ રતનના વિચારોએ રવજી કાકાની આંખો પણ આશ્રુભીની થય હતી. સુનમુન બાલ્કનીમાં ઉભેલા પોતાના પિતાને હેમલતા પાછળ થી એક ચિતે નિહાળી રહી હતી. હેમલતા સમજી ગઇ હતી કે મારા પપ્પા મારી મમ્મીને જ યાદ કરી રહ્યા છે. એણે હળવેક થી પોતાના પિતાને લાડભર્યા શ્વરે કહ્યું... પપ્પા ધ્રુવ તારામાં મારી મમ્મીને જોઇ રહ્યા છો કે ? હેમલતાના આવા વાકયે પિતાના વિચારોમાં વિક્ષેપ પડયો.. અને પાછળ જોઇને બોલ્યા... હા... દિકરી હેમલતા તારી મમ્મીને વિમાનમાં બેસાડવાનું વચન આપ્યુ હતું, પણ દિકરી જોને આમ મને એકલો મુકીને જતી રહી...! ના પપ્પા તમે એકલા થોડા છો ? હું તમારી દિકરી તમારી નવાસી... અમે બધા તમારી જોડેજ છીએ ને...! આમ દિકરી બાપને દિલાસો આપી રહી હતી... ઠંડી એ જોર પકડ્યું એટલે પિતાનું જેકેટ હેમલતા લઇ આવી અને બાલ્કનીમાં મુકેલ ખુરશી ઉપર રવજી કાકા બેઠા... હેમલતા... નાની અંજલીને સુવાડવા એમના બેડરૂમમાં ગઇ અને રવજી કાકાને હેમલતાએ કહેલા શબ્દો ફરી યાદ આવ્યા કે... પપ્પા ધ્રુવ તારામાં મારી મમ્મીને જોઇ રહ્યા છો કે ? અને દુર ના તારાઓમાં રવજી કાકા પોતાની રતનને જોઇ રહ્યા હોય એમ બેઠા-બેઠા વિચારે ચડયા.

રવજીકાકાના લગ્ન પછી ચારેક વર્ષે હેમલતાનો જન્મ થયેલો... ત્યારે સુવાવડ માટે ગામડામાં સુવિધા ન હતી. રાત્રે ગાડામાં રતનને સુવાડી શહેરની હોસ્પિટલમાં લઇ ગયેલા... ઘણી મથામણ ને અંતે હેમલતા અવતરી, પણ બ્લીડીંગ એવું ભયાનક થયેલું કે રતન કાકીનો માંડ માંડ જીવ બચેલો. ભયાનક બ્લીડીંગથી રતન કાકીનું શરીર સાવ નંખાય ગયેલુ ત્યારે ગરીબ રવજી કાકા આજ મરે કાલ મરે એવા રતન કાકીની સેવામાં રાત-દહાડો એક કરી નાંખતા. રાત્રે જરાક વિરામ મળે ત્યારે ખુલ્લા આકાશમાં રવજી કાકા ઉપરવાળાને રડતી આંખે વિનવતા... હે દયાળુ તારી લીલા અકળ છે. દિકરી આપીને એની માંને લેવા તૈયાર થયો... હે ઉપરવાળા... મારી રતનને બચાવી લે... બચાવી લે...નહીં તો આ નાની દિકરીને કેમ કેમ ઉછેળા ? એ કેમ કેમ કહીશ કે તારી મમ્મી તારો બની ગયા...! હે ઉપરવાળા... મારા ખાતર નહીં તો મારી આ નાની દિકરી ભણી તો જો... ? અને સાચેજ ધીમે ધીમે રતન કાકીમાં નવુ ચેતન આવવા લાગ્યું અને ત્યારપછી બાવીસ વર્ષો જીવી અને દિકરી હેમલતાનો સંસાર મંડાવીને જતી રહી...

વિચારો નો અંત આવે એમ ન હતો... હેમલતા નાની અંજલી ને સુવડાવી પોતાના પિતા પાસે બાલ્કનીમાં આવી ને બેઠી. પપ્પા... ચાલો સુઇ જાવ... રાત અળધી થવા આવી... હા દિકરી ચાલો સુઇ જઇએ... એમ કહી બંને બાપ-દિકરી પોત પોતાના બેડરૂમમાં ગયા... રવજી કાકા અંતે સુઇ ગયા... હેમલતા ને પણ પોતાની મમ્મીની યાદ તાજી થઇ.. ધ્રુવ તારો આસમાને ઝગમગી રહ્યો હતો. ઠંડો પવન બારી વાટે આવી રહ્યો હતો... હેમલતા બારી બહાર ઝગમગતા ધ્રુવ તારાને એક ચિત્ત જોઇ રહી હતી... મારા પપ્પા...

સવારે નાની દોહિત્રી પોતાના નાનાને જગાડવા આવી ત્યારે કાલીઘેલી ભાષામાં મમ્મીએ શીખવાડેલા શબ્દો જાગી ગયેલા નાના ને કહી રહી હતી... નાના...નાના... રાત્રે તમે સ્ટાર માં નાની ને જોઇ રહ્યા હતા ને... હે... નાના... નાનીમા સ્ટાર બની ગયા છે ? કાલીઘેલી ભાષામાં મીઠુ મીઠુ બોલી રહેલી અંજલીને પાછળથી હેમલતા સાંભળી રહી હતી... નાના... દિકરીને જોઇને મરક મરક હસી રહ્યા હતા... નાની સ્ટાર બની ગયા.. નાની સ્ટાર બની ગયા.. તાળી પાડી અંજલી બોલી રહી હતી... સુર્યોદય થતાજ પંખીઓનો કલરવ ગુંજી રહ્યો હતો... ■

# ઇબ્ને બતૂતા અને તેણે વર્ણવેલુ ગુજરાત

- અમ્માર અબ્દુલ હમીદ લિંબાડા નદવી (દહાલ)

ઇબ્ન બતૂતા મોરોક્કોનો પ્રસિદ્ધ મુસાફિર અને પ્રવાસ વર્ણનકાર હતો. તેણે પોતાના જીવનમાં લગભગ ૧,૨૦,૦૦૦ કિલોમીટરની લાંબી યાત્રા કરી, જે મધ્યયુગના સૌથી મોટા પ્રવાસોમાં ગણાય છે. તેનો જન્મ ઇ.સન ૧૩૦૪ માં મોરક્કો ના તાંજિયર શહેરમાં થયો હતો.

વતનમાં પ્રાથમિક શિક્ષણ લીધા પછી ઇ.સન ૧૩૨૫ માં ૨૧ વર્ષની ઉંમરે મક્કાનો પ્રવાસ શરૂ કર્યો. તેમાં ધાર્મિક ફરજની ભાવના ઉપરાંત નવું જોવા-જાણવાની અભિલાષા પણ હતી. એક રસ્તો ફરીથી નહિં વાપરવાની વૃત્તિને લીધે બને તેટલા વધુ પ્રદેશો તથા જુદાં જુદાં સ્થળો જોવાની તેને તક મળી. ઉત્તર આફ્રિકાના કિનારેથી પ્રવાસ શરૂ કર્યો. કેરો, દમાસ્કસ વગેરે સ્થળોમાં નામાંકિત વિદ્વાનો પાસેથી તેણે શિક્ષણ મેળવ્યું. આ પ્રવાસના તેણે આપેલા વર્ણનમાં સૂફીઓ અને વિદ્વાનોના ઉલ્લેખો છે. ઇ.સન ૧૩૨૬/૨૭ માં દક્ષિણ પર્શિયા, ઇરાક, યમન અને એડન જઇ ત્યાંના વેપારી મથકો જોયાં, તેમ ઇસ્ટ આફ્રિકાના આરબ વેપારી મથકો પણ જોયાં. અને પછી પર્શિયન ખાડીના માર્ગે મક્કા પહોંચ્યો હતો. તે સમયના દિલ્હીના સુલતાન મુહંમદ ઇબ્ન તુગલુકની ઉદારતા વિશે સાંભળીને તેણે નસીબ અજમાવવા વિચાર્યું. હિંદ જવા વહાણ ન મળ્યું તેથી જમીનમાર્ગે એશિયા માઇનોર, સિનોપ, ક્રિમિયા અને કોકેસસ પહોંચ્યો. ત્યાં ગોલ્ડન હોર્નના ખાનની મુલાકાત લીધી. ત્યાંથી કોન્સ્ટેન્ટિનોપલ, વોલ્ગા, સમરકંદ, બુખારા, અફઘાનિસ્તાન થઇ હિંદુકુશ પર્વતમાળાના રસ્તે ઇ.સન ૧૩૩૩ માં તે દિલ્હી પહોંચ્યો. દિલ્હીમાં તે લગભગ આઠ વર્ષ રહયો અને સુલતાન મુહંમદ તુગલુકની સાથે નજીકથી સંકળાયો. બાદમાં તે ચીનનો રાજદૂત બની ચીન જવા નિકળ્યો, પણ માર્ગમાં માલદીવ, સિલોન,બંગાળ, આસામ, સુમાત્રા વગેરેમાં લાંબા સમય સુધી ભટકાતો રહયો. માલદીવમાં તો તે કાજી તરીકે ૧૮ મહિના રહયો હતો. ઇબ્ન બતૂતાની તુલના માર્કો પોલો સાથે કરવામાં આવે છે, કારણ કે તેની લેખનશૈલી માનવીય અને અવલોકનશીલ હતી. તેનું અવસાન મોરોક્કોમાં થયું અને તેને પોતાના વતન તાંજિયરમાં જ દફનાવવામાં આવ્યો.

પોતાના અનુભવો તેણે **રિહલહ** (સફરનામા એ ઇબ્ને બતૂતા) નામના ગ્રંથમાં લિપિબદ્ધ કરાવ્યા, જેમાં લગભગ ૬૦ રાજાઓ અને લગભગ ૨૦૦૦ લોકો વિશેની માહિતીઓ છે. આ કૃતિમાંથી મધ્યયુગના મુસ્લિમ જગતનું સામાજિક, સાંસ્કૃતિક અને રાજકીય જીવન જાણવાનું મળે છે.

સુલતાન મુહમ્મદ તુગલકે તેને ચીનનો એલ્ચી બનાવી ચીન માટે રવાના કર્યો ત્યારે તે ગુજરાતના કેટલાંક દરિયા કિનારાના શહેરોમાં રોકાયો હતો અને તેનું વર્ણન પોતાના સફરનામાં કર્યું હતું. તેના અરબી ગ્રંથ **રિહલહ** માંથી તેણે વર્ણવેલા ગુજરાતનો અનુવાદ અહીં રજૂ કરું છું.

**ગુજરાત વર્ણન (ખંભાત) :-** અમે સાગર શહેરથી નીકળી ખંભાત પહોંચ્યા, આ શહેર સમુદ્રિ કિનારે એક અખાત પર વસેલું શહેર છે. અખાતમાં મોટા વહાણો આવી શકે છે અને તેમાં ભરતી તથા ઓટ પણ આવતા રહે છે, ભરતી ખતમ થતાં કીચડમાં ઘણા ઝાડો ફસાયેલા જોવા મળે છે. અમે ભરતીના સમયે આ ઝાડો પાણી ઉપર તરતા જોયા છે. બીજા શહેરોની સરખામણીમાં આ શહેર વધુ વિકસિત અને મજબૂત છે, ત્યાંની મસ્જિદો અને મકાનો ખુબ જ સુંદર છે, ત્યાંના વાસીઓ પરદેશી સોદાગરો છે, જેઓ આલિશાન મસ્જીદો અને સુંદર મહેલો બનાવે છે, અને બીજાઓથી આગળ વધવાના પ્રયત્નો કરતા રહે છે. ખંભાત પહોંચ્યા ત્યારે ત્યાંનો હાકેમ મુકબિલ તલંગી નામનો માણસ હતો, બાદશાહ તેનો આદરભાવ રાખતો અને તેની સંગતમાં રહેતો. અને બધા જ કાર્યો તેને સુપ્રત હતાં, અને આ શેખઝાદા રાજકીય બાબતોનો નિષ્ણાંત હતો અને ધનવાન પણ ખૂબ જ. તે પોતાનું ધન પોતાના દેશમાં મોકલતો રહેતો અને તેની ઇચ્છા ખંભાત છોડી ભાગી જવાની

હતી પરંતુ બાદશાહને જાણ થતાં મુકાબિલને કાગળ લખી જણાવ્યું કે: **તેને ટપાલ ના કાર્યકરો સાથે રાજધાની મોકલી આપે.** કારણોસર મુકાબિલે તેને રાજધાની ખાતે મોકલી આપ્યો. બાદશાહ સમક્ષ હાજર થતા શાહી સુરક્ષા હેઠળ ધકેલાયો અને અહીંના કાનુન પ્રમાણે શાહી સુરક્ષા હેઠળ આવેલા વ્યક્તિઓ ભાગ્ય જ પ્રાણ બચાવી શક્તા. પરંતુ સુરક્ષા કર્મચારીને ખૂબ ધન આપી ષદયંત્ર રચી બંને ભાગી જવામાં કામયાબ થયા.

**કાવી:-** અમે ખંભાતથી કાવી આવ્યાં, કાવી પણ અખાતના કિનારે છે અને ત્યાં પણ ભરતી અને ઓટ આવતા રહે છે, આ ગામ રાજા રાય જાલેન્સીના પ્રદેશમાં આવે છે.

**ગંધાર:-** અહીંથી ગંધાર ગયા, ગંધાર ઘણું જ વિશાળ શહેર છે અને દરિયા કિનારે વસેલું છે. અહીંના રાજાનું નામ રાય જાલેન્સી છે, આ રાજા મુસ્લિમ રાજાનો બાજગુઝાર છે અને દર વર્ષે ટેક્સ પણ આપે છે. અમે ગંધાર પહોંચ્યા તો રાજા અમારા સ્વાગત માટે આવ્યો હતો, તેણે અમોને ખૂબ માન સન્માન આપ્યાં અને પોતાનો મહેલ અમારા માટે ખાલી કરાવી નાખ્યો, અમે ત્યાં જ મુકામ કર્યો. ત્યાંના ધનવાનો અને અધિકારીઓ અમને મળવા માટે આવ્યાં અને અમારું સ્વાગત કર્યું, આ ધનવાનો અને અધિકારીઓમાં ખ્વાજા વહોરા અને નાખુદા ઇબ્રાહીમ પણ હતો તેની પાસે છ વહાણો છે. નાખુદા ઇબ્રાહીમના જાગીર નામી વહાણમં સવાર થયાં અને ભેટ સોગાતમાં મળેલા ૭૦ ઘોડાઓ પણ તેમાં ચડાવ્યાં. બાકીના ઘોડાઓ અને નોકરો મનોરત નામના વહાણમાં ચડાવ્યાં. રાજાએ એક વહાણ ભેટ ધર્યું હતું તેમાં જહુરૂદ્દીનના ઘોડાઓ, સુમ્બુલ અને નોકર ચાકર સવાર થયાં, રાજાએ પીવાના પાણી, ભાથુ અને ખાધસામગ્રીની વ્યવસ્થા કરી આપી હતી અને અકીર નામના એક વહાણમાં તેના છોકરા ને પણ અમને વળાવવા માટે મોકલ્યો. તેનું વહાણ **ગુરાબ** નૌકા સમાન હતું પરંતુ તેનાથી મોટું હતું, તેમાં ૬૦ હલેસા હતાં, યુદ્ધના સમયે આ વહાણ ઉપર છાપરું નાખી દેવામાં આવતું જેના કારણે હલેસા મારનારને પથ્થર અગર તીર વાગવાનો ભય રહેતો નહીં.

અમે જે જાગીર નામના વહાણમાં સવાર હતાં તેમાં ૫૦ તીરંદાજ અને ૫૦ હબશી (એબેસિનિયન) સૈનિકો હતાં, આ હબશીયો સમુદ્રના ધની છે. જો કોઇ વહાણમાં એક પણ હબશી હોવાનું જણાય તો સમુદ્રી ડાકુઓ અને ચાંચિયાઓ તે વહાણ તરફ જોતા પણ નથી.

**પિરમ બેટ અને ઘોઘા:-** બે દિવસનો પ્રવાસ ખેડયા પછી પિરમબેટ પહોંચ્યાં. આ બેટ ખંડેર છે ત્યાં હાલ માનવ વસાહત નથી, ધરતીથી ચાર માઇલ છેટે છે. અમે આ ટાપુ ઉપર રોકાયા અને પાણી ભર્યુ. મુસલમાનોએ અહીં વસતા લોકો ઉપર હુમલો કર્યો હતો અને પછી ત્યાંની વસાહત ઓછી થઇ હતી. મલિકુતુજ્જારે તેને ફરી વસાવવાની ઇચ્છા વ્યક્ત કરી હતી અને ત્યાં નગરકોટ બનાવી તેના ઉપર ટોપો પણ ગોઠવી હતી અને મુસલમાનોને લાવી વસાવ્યા પણ હતા.

અહીંથી બીજા દિવસે ઘોઘા પહોંચ્યા, ઘોઘા વિશાળ શહેર છે, ત્યાંના બજારો ઘણા મોટા છે શહેરથી ચાર માઇલ છેટે અમે લંગર નાંખ્યાં, દરિયામાં ઓટ હતી માટે આટલે દૂર લંગર નાખવાં પડયાં. નાવડીઓમાં બેસી શહેર તરફ આવવા નીકળ્યાં, નગર એક માઇલ જેટલું દૂર હતું ત્યાં નાવડી કીચડમાં ફસાઇ ગઇ, હું બે માણસોના સહારે ત્યાંથી બહાર આવી શક્યો.

નગરમાં આવી મેં બજારોની સૈર કરી અને એક મસ્જિદ જોઇ, ત્યાંના લોકોનું માનવું છે **આ મસ્જિદ હઝરત ખિદર અને હઝરત ઇલ્યાસે (અ.સ.) સ્થાપિત કરી છે.** આજ મસ્જિદમાં મગરિબની નમાઝ પઢી. અહીં મસ્જિદમાં હૈદરી ફકીરોનો એક સમૂહ પણ હતો. તેમના શેખ પણ ત્યાં જ હાજર હતાં. હું અહીંથી પરત થઇ ગયો. અહીંનો રાજા મુસ્લિમ ખલીફાનો બાજગુઝાર છે પણ તે નામનો જ બાજગુઝાર છે.

અને પછી અહીંથી અમે સન્દાપુર (ગોવા) પહોંચ્યા. ■

# બદલતો સમય, બદલાતો સમાજ

- સોહેલ મુલ્લા, હથુરણ

**નવજાગૃતિનો સાદ : સુન્ની વહોરા સમાજની નવી દિશા અને દશા**

**મિટાદે અપની હસ્તી કો અગર કુછ મરતબા ચાહે,**
**કે દાના ખાક મેં મિલકર ગુલે ગુલઝાર હોતા હૈ.**

આ પંકિત આપણને સમજાવે છે કે જો આપણે સમાજ તરીકે ખીલવું હોય, તો આપણે આપણા અહમ અને જૂની પુરાણી ખોટી માન્યતાઓને છોડીને મહેનત અને કુર્બાની આપવી પડશે. આપણો સુન્ની વહોરા સમાજ તેની ઇમાનદારી, સખાવત અને વેપાર માટે જાણીતો છે, પરંતુ બદલાતા સમય સાથે આપણે આપણી પ્રાથમિકતાઓ બદલવી પડશે.

**૧. શિક્ષણ : પ્રગતિનું પ્રથમ સોપાન**

આજે માત્ર સાક્ષર હોવું પૂરતું નથી. શિક્ષણ ક્ષેત્રે આપણે ક્રાંતિ લાવવાની જરૂર છે.

**ઉચ્ચ શિક્ષણ :-** આપણા બાળકો માત્ર ગ્રેજયુએશન સુધી મર્યાદિત ન રહેતા UPSC, GPSC મેડિકલ અને એન્જિનિયરિંગ જેવા ક્ષેત્રોમાં ટોચ પર પહોંચે તે જોવાની જવાબદારી વાલીઓની છે.

**કન્યા કેળવણી :-** દીકરીને ભણાવવી એટલે આખી પેઢીને સંસ્કારી બનાવવી. દીકરીઓ માટે સુરક્ષિત અને ઉચ્ચ શૈક્ષણિક વાતાવરણ પુરું પાડવું એ સમયની માંગ છે.

**૨. સામાજિક સુધારા અને લગ્ન પ્રથા**

લગ્નમાં થતા બેફામ ખર્ચાઓ અને ખોટા રીત-રિવાજો આપણા સમાજની આર્થિક કમર તોડી રહયા છે.

**વો સુન્નત હૈ જો જીને કી હમેં રાહેં દિખાતી હૈ,**
**નુમાઇશ તો શીર્ફ ઇન્સાન કો મકસદ સે ભટકાતી હૈ.**

આપણે દેખાદેખી અને સ્ટેટસ સિમ્બોલના મોહમાંથી બહાર નીકળવું પડશે. જો દરેક ધનવાન વ્યકિત પોતાના પ્રસંગોમાં સાદગી અપનાવે, તો મધ્યમ વર્ગ પરનું દબાણ આપોઆપ ઓછું થઇ જશે. સમૂહ લગ્નોને પ્રોત્સાહન આપવું એ માત્ર આર્થિક મદદ નથી, પણ એક સામાજિક સુધારાની ચળવળ છે.

**૩. આર્થિક આયોજન અને ઝકાતનું વ્યવસ્થિત સંચાલન**

- આપણો સમાજ આર્થિક રીતે સક્ષમ છે, પણ આ શકિત વેરવિખેર છે. જો આપણે ઝકાત અને સદકાના નાણાંનું યોગ્ય અને સામૂહિક આયોજન કરીએ, તો સમાજમાં કોઇ ગરીબ બાકી ન રહે.
- **સ્ટાર્ટઅપ સપોર્ટ :-** સમાજના સમૃદ્ધ વેપારીઓએ નાના ઉદ્યોગ સાહસિકોને વગર વ્યાજે લોન કે માર્ગદર્શન આપીને ઉભા કરવા જોઇએ.
- **રોજગાર લક્ષી તાલીમ :-** કોમ્પ્યુટર કોડિંગ, ગ્રાફિક ડિઝાઇનિંગ કે ટેકનિકલ કોર્સ દ્વારા યુવાનોને આત્મનિર્ભર બનાવવા જરૂરી છે.

**૪. દીન અને દુનિયાનું સંતુલન**

આપણે એ યાદ રાખવું જોઇએ કે દુન્યવી પ્રગતિ ત્યારે જ કામની છે જયારે તે અલ્લાહના બતાવેલા રસ્તા પર હોય.

**ખુદ હી કો કર બુલંદ ઇતના કે હર તકદીર સે પહેલે,**
**ખુદા બંદે સે ખુદ પૂછે બતા તેરી રઝા કયા હૈ.**

આપણા નૈતિક મૂલ્યો, પાંચ વખતની નમાઝ અને કુર્આનનું શિક્ષણ આપણા જીવનનો પાયો હોવો જોઇએ. વ્યસનો (બીડી, ગુટખા, ડ્રગ્સ) થી સમાજના યુવાધનને બચાવવું એ સૌથી મોટો પડકાર છે. સોશિયલ મીડિયાના ખોટા વપરાશથી બચીને તેનો ઉપયોગ જ્ઞાન અને વેપાર વધારવા માટે કરવો જોઇએ.

**ઉપસંહાર**

જાગૃતિ એટલે માત્ર જાગી જવું નહીં, પણ સાચી દિશામાં ચાલવું. જો આપણે આજે નહીં બદલાઇએ, તો આવનારી પેઢી આપણને માફ નહીં કરે. આવો, આપણે સાથે મળીને એક એવા સુન્ની વહોરા સમાજનું નિર્માણ કરીએ જે સમગ્ર ઉમ્મત અને દેશ માટે એક મિસાલ બને. ■

# દેશ-વિદેશના સમાચાર

## કોસંબા

**શાદી મંગણી:-** યાહયા સલીમ પટેલ (મમુજી) ની શાદી આલીયા શેખ સાથે તથા જરીના મોહંમદ બાવાની શાદી હથુરણ મુકામે યાકુબ સીરાજ કોલ્યા સાથે થઇ છે.

**પરદેશથી આગમન:-** સમીમા સોયબ મુલ્લા, મુજમ્મીલ ઇલ્યાસ મુલ્લા કેનેડાથી, ફૈયાઝ મોહંમદ પટેલ અમેરીકાથી, આસીફ ઐયુબ મોતાલા (દિવાંગરી) ફેમિલી સાથે મલાવીથી, ઇબ્રાહીમ ઐયુબ દાવજી (બુખારી) પેરીસથી, નાજુ ઇબ્રાહીમ દાવજી, એહમદ સીરાજ માસ્તર, ઇકબાલ ઐયુબ મોતાલા, ઇદ્રીસ ઐયુબ મોતાલા, ઇબ્રાહીમ યુસુફ મોતાલા (દિવાંગરી), ઇબ્રાહીમ યુસુફ મુલ્લા (તીર) ફેમિલી સાથે, ઐયુબ અહમદ મુલ્લા (તીર) ફેમિલી સાથે તથા સોયબ ઐયુબ બાવા ફેમિલી સાથે યુ.કે. થી વતનની મુલાકાતે આવ્યા છે.

**અન્ય:-** કોસંબા એજયુકેશન સોસાયટી દ્વારા સંચાલિત હાજી એ.એમ.મોતાલા સાર્વજનિક હાઇસ્કુલના પટાંગણમાં ૨૬ મી જાન્યુઆરીના રોજ ૭૭ માં પ્રજાસત્તાક દિન અને ઇનામ વિતરણ તથા શ્રેષ્ઠ શિક્ષક સન્માનના કાર્યક્રમની ઉજવણી કરવામાં આવી હતી. આ સમારંભમાં સંસ્થાના પ્રમુખ જ.યુસુફભાઇ જીવા સા., ઉપપ્રમુખ જ.આસીફભાઇ વેડછીયા સા., સેક્રેટરી મોહતરમા યાસ્મીન ફેસલ દાઉદજી સા., અન્ય ટ્રસ્ટીગણના સભ્યો, ગ્રામ પંચાયતના સભ્યો, વિદેશથી પધારેલ મહેમાનો, અન્ય આમંત્રિત મહેમાનો, મિડિયાકર્મી, વાલીગણ, વિદ્યાર્થીઓ, શિક્ષકગણ, અન્ય કર્મચારીગણ તથા ગ્રામજનો મોટી સંખ્યામાં હાજર રહયા હતા. શાળાના શિક્ષિકા શ્રી ધારાબેન જોષી કે જેઓને આ વર્ષે કલેકટરશ્રી તથા જિલ્લા શિક્ષણાધીકારી શ્રી સુરત દ્વારા સુરત શહેર જિલ્લા શ્રેષ્ઠ શિક્ષક પારિતોષીક મળ્યું તેમના દ્વારા ધ્વજવંદન કરવામાં આવ્યું હતું.




વાર્ષિક ઇનામ વિતરણના મુખ્ય મહેમાન તરીકે ઓલ ઇન્ડિયા ફૂટબોલ ફેડરેશનના કમિશ્નર તરન્નુમબહેન શેખ પણ ઉપસ્થિત રહયા હતા. ધ્વજવંદન કાર્યક્રમનું સંચાલન પીટી શિક્ષક જ.સોયેબભાઇ પટેલ દ્વારા કરવામાં આવ્યું. સંસ્થાના ભૂતપૂર્વ પ્રમુખ જ. ફૈઝલભાઇ બાવા સા. દ્વારા આવકાર પ્રવચન આપવામાં આવ્યું. યાસ્મીનબહેન અને ફિરોઝાબહેન તથા યુસુફભાઇ દ્વારા ધારાબહેનને સન્માનપત્ર, શાલ, સ્મૃતિભેટ તથા ગુડલક પ્લાન્ટ આપી સન્માનીત કરવામાં આવ્યા. ઇનામ વિતરણ સમારંભના અતિથિ વિશેષ તરન્નુમબહેન શેખને પણ શાલ તથા ગુડલક પ્લાન્ટ આપી સન્માનીત કરવામાં આવ્યા. સંસ્થાના પ્રમુખ જ.યુસુફભાઇ જીવા સા.દ્વારા ગુજરાત રાજયના શ્રેષ્ઠ શિક્ષક એવા ડો.પ્રશાંત આર. પંડયાને શાલ તથા પુષ્પગુચ્છ આપી સન્માનીત કર્યા.

## બાટલી - યુ.કે.

**રજુ કર્તા :- જ. મોહંમદભાઇ પાંડોર સા. જીતાલીવાલા**

**ઇન્તેકાલે પુરમલાલ:-** ઇશરતજહાં અહમદ પટેલ જીતાલીવાળાનો માન્ચેસ્ટરમાં ઇન્તેકાલ થયો છે. હાફસા અબ્દુલ સમદ પટેલ વાડાગામવાળા તેમજ ફારૂકભાઇ પાંડોર આસણાવાળા તથા યુસુફભાઇ મંગેરા માણેકપોરવાળા નો ઇન્તેકાલ થયો છે. (ઇ. લી.)

**ગમન:-** અનવર યુસુફઅલી કાજી વતનની મુલાકાત માટે લાજપોર - ઇન્ડિયા ગયા છે.

ધારાબહેન દ્વારા સંસ્થાનો આભાર વ્યકત કરવામાં આવ્યો અને ગણતંત્ર દિવસનું મહત્વ સમજાવવામાં આવ્યું. તરન્નુમબહેને રમતગમતનું જીવનમાં મુલ્ય શું છે તે સમજાવ્યું. ત્યારબાદ શૈક્ષણિક ક્ષેત્રે,રમતગમત ક્ષેત્રે તેમજ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં સિદ્ધિ મેળવનાર વિદ્યાર્થીઓને ઇનામો આપી પ્રોત્સાહન આપવામાં આવ્યું. સમગ્ર કાર્યક્રમની ફોટોગ્રાફી અને વિડીયો શુટીંગ પત્રકાર જ.કૈયુમભાઇ ખલીફા સા. દ્વારા કરવામાં આવ્યું. કાર્યક્રમને અંતે ઉપસ્થિત સૌનો આભાર જ.સોયેબભાઇ દ્વારા માનવામાં આવ્યો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન અફસાનાબહેન તથા રીઝવાનાબહેન દ્વારા કરવામાં આવ્યું. આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે સમગ્ર ટ્રસ્ટીગણ તેમજ શાળાપરિવારે ઉત્સાહભેર કામગીરી કરી હતી.

## વરીયાવ

**પરદેશથી આગમન :-** સુલેમાન (શોલી) હાસમભાઇ ના દિકરી બિલ્કીશ (મીનુ) ફરહાન ટેલર ફેમિલી સાથે રીયાદથી, ફૈસલ (લાલુ) મુસા દાવજી, મોહંમદ કાસીમ ગુલામહુશેન પટેલ બર્માની, યુસુફ ઉમર ભાઇમીયા દુબઇની તથા અહમદ (મુન્ના) મહમદ ભાઇમીયા યુ.કે.ની શુભેચ્છા મુલાકાત લઇ વતન પરત આવ્યા છે.

**પરદેશ ગમન :-** યુસુફ અબ્દુર રહમાન (અનીશ) દાવજી તથા મોહંમદ (મમ્મુ) અહમદ (મુન્ના) ભાઇમીયા વતનની મુલાકાત લઇ યુ.કે. પરત ગયા છે.

